નામ :- ઝાલા વિશ્વરાજસિંહ વી.

સેમ :- 1st

રોલ નં. :- 241

PRN નં. :- COC2025241

વિષય :- COC (Career Oriented Course)

પેપરનું નામ :- Inclusive Education And Psychological strategies

પેપર કોડ :- MJEPS-101

સહી :- (V)

ઝાલા વિક્રમજીતસિંહ બી. 6

Q-1 મુલાકાત પદ્ધતિ

→ પ્રસ્તાવના :-

માહિતી એકત્રિત કરવું એક મુશ્કેલ અને ખૂબજ મહત્ત્વનું કાર્ય છે. સર્વે સંશોધનમાં માહિતી એકત્રિત કરવાની દરેક પદ્ધતિની પોતાની જટિલતાઓ, ફાયદા અને મર્યાદાઓ હોય છે. આપણે કહી શકતા નથી કે કઈ પદ્ધતિ શ્રેષ્ઠ છે. દરેક પદ્ધતિને સંશોધનના પ્રકાર અને ખાસ કરીને સંશોધનના પ્રશ્નો અનુસાર પસંદ કરવી જોઈએ.

સર્વે સંશોધનમાં માહિતી એકત્રિત કરવાની મુખ્ય પદ્ધતિઓ પ્રશ્નાવલી અને મુલાકાત પદ્ધતિ છે. આ એકમમાં તમને માહિતી એકત્રિત કરવાની પદ્ધતિ તરીકે મુલાકાત વિશે માહિતગાર કરવામાં આવશે.

★ મુલાકાત પદ્ધતિ :-

"મુલાકાત એટલે રૂબરૂ મોઢામોઢની વાતચીત".

ટેલિવિઝન પર ઘણા કાર્યક્રમો તમે જોયા હશે જેઓ મૂળરૂપે મુલાકાત પર આધારિત હોય છે. આવા કાર્યક્રમોમાં પ્રખ્યાત વ્યક્તિઓ, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ વગેરે તેમના જીવન અને કાર્યો વિશે માહિતી મેળવવા આમંત્રિત કરવામાં આવે છે. ક્યારેક તેઓને સામાજિક અથવા વર્તમાન મુદ્દાઓ સંબંધિત પ્રશ્નો પુછવામાં આવે છે. સર્વે સંશોધનમાં લેવાતા મુલાકાત અને આવા મુલાકાતમાં તફાવત છે.

ઘણા સંશોધકોના મત મુજબ મુલાકાત એક ઔપચારિક અથવા બે અજાણ્યા લોકો

ભાગા વિક્રમસિંહ બી 

પ્રશ્નો માહિતી મેળવવા માટેનો સંવાદ છે. આ પ્રકારના મુલાકાતમાં પૂર્વનિર્ધારિત પ્રશ્નો પુછવામાં આવે છે અને જવાબો નોંધવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો સર્વે મુલાકાત એક સામસામે વાતચીત કરવાની પ્રક્રિયા છે. જેમાં પ્રતિભાવકાર ચોક્કસ માહિતી આપતા હોય છે. પ્રશ્નો પૂર્વનિર્ધારિત હોય છે. સામાન્ય રીતે આ પદ્ધતિ મુક્ત અંતવાળી અથવા બંધ અંતવાળી હોઈ શકે છે.

-> મુલાકાતની વ્યાખ્યા :

1. "મુલાકાત એ સામાજિક આંતરક્રિયાની પ્રક્રિયા છે."
   - ગુડ અને હેટ

2. "મુલાકાત એ એક એવી આંતરવૈયક્તિક પરિસ્થિતિ છે, જેમાં મુલાકાત સંશોધનને લગતા પ્રશ્નોના ઉત્તર આપે છે."
   - કરલિંગર

3. "મુલાકાત એ મુલાકાત લેનાર અને મુલાકાત આપનારના મૌખિક વિચારોનું આદાન-પ્રદાન છે, જેમાં મુલાકાત લેનારનો હેતું મુલાકાત આપનારના વિચારો, અભિપ્રાયો, માન્યતાઓ, મનોવલણો જાણીને તે દ્વારા ચોક્કસ માહિતી એકત્રિત કરવાનો છે."
   - મેકોબી અને મેકોબી

-> મુલાકાતનાં પ્રકાર:

1. રચનાબદ્ધ મુલાકાત :-

આ પ્રકારના મુલાકાતમાં પૂર્વ તૈયાર પ્રશ્નો પુછવામાં આવે છે, પ્રશ્નોમાં

ફેરફાર કરવાની છૂટ નથી. આવી મુલાકાતમાં તમામ પ્રતિભાવકારોને સમાન પ્રશ્નો પુછવાથી સમાન પ્રકારની માહિતી મળે છે.

* ફાયદા:
-> જવાબોમાં એકરૂપતા રહે છે.

-> મુલાકાત સરળતાથી લેવાઈ શકે છે.

-> પ્રશ્નો પહેલેથી નક્કી હોવાથી વિશેષ તાલીમની જરૂર નથી.

2. બિનરચનાબદ્ધ મુલાકાત :- આ પ્રકારના મુલાકાતમાં પ્રશ્નકર્તાને પોતાની પસંદ મુજબ પ્રશ્નો પુછવાની છૂટ હોય છે. પ્રશ્નો પરિસ્થિતિ પ્રમાણે બદલાઈ શકે છે. આવી મુલાકાતમાં પ્રતિભાવકારોને પોતાના વિચારો વ્યક્ત કરવાની સ્વતંત્રતા હોય છે.

આ પદ્ધતિ વધુ પ્રમાણમાં ત્યા ઉપયોગમાં લેવામાં આવે છે જ્યાં સંશોધન વિષય વિશે થોડી આછી માહિતી ઉપલબ્ધ હોય છે.

3. ક્લિનિકલ મુલાકાત :- આ પ્રકાર ખાસ કરીને સામાજિક સેવા, સલાહકાર અને જેલ સિસ્ટમમાં ઉપયોગ લેવાય છે તેમાં મુલાકાત આપનારના ભાવનાઓ અને અનુભવ વિશે ચર્ચા કરવામાં આવે છે મુલાકાત લેનારએ મુલાકાત આપનાર સાથે મુક્ત રીતે વાતચીત કરી શકે છે.

ગામિત દિવ્યરાજસિંહ બી



૫. કોમ્પ્યુટર આસિસ્ટેડ ટેલિફોન મુલાકાત :- આ પદ્ધતિમાં કમ્પ્યુટર દ્વારા ફોન પર મુલાકાત લેવામાં આવે છે. કમ્પ્યુટર પ્રશ્નો દર્શાવે છે અને મુલાકાત આપનારે આપેલા જવાબોને સીધા કમ્પ્યુટરમાં નાખવામાં આવે છે.

★ ફાયદા :-

-> સમાનતા મળવી શક્ય છે.

-> વિશ્લેષણ ઝડપથી થઈ શકે છે.

-> રેકોર્ડ રાખવામાં સરળતા રહે છે.

-> પદ્ધતિ યોજના :-
આ તબક્કો સંશોધક આખી ઇન્ટરવ્યુ પ્રક્રિયાનું આયોજન કરે છે જેમાં મુલાકાત લેનારના તાલીમ, મુલાકાત માટે લેવાતો સમય અને મુલાકાતનું સ્થળ સામેલ હોય છે. આમાં પ્રવાસનો ખર્ચ, મુસાફરીનો સમય અને રાહ જોવાનો સમય વગેરેનો પણ સમાવેશ થાય છે.

-> મુલાકાતની સમયસૂચીની તૈયારી :-
મુલાકાત સમયસૂચિમાં છાપેલા પ્રશ્નો હોય છે જે મુલાકાત સત્ર દરમિયાન ક્રમમાં પૂછવામાં આવે છે. અને મુલાકાત લેનાર તેની નોંધ લે છે. આ સંશોધનમાં મુલાકાત લેતા સરળતાથી લેવાની તાલીમ જરૂરી છે. મુલાકાત સમયસૂચી દ્વારા સંશોધકને મુલાકાતકર્તાની ઓળખ મળે છે આ પદ્ધતિમાં પ્રતિભાવનો દર ઓછો રહે છે. છતાં અહીં માત્ર મહત્વપૂર્ણ માહિતી નોંધવામાં આવે છે.

જાલા વિજયરાજસિંહ જી ⑥

=> મુલાકાતની સમયસૂચી તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવાતી બાબતો:-

-> સંશોધકને સંશોધનના હેતુ અને વ્યાપ ~~ભાષા~~ વિશે સ્પષ્ટતા હોવી જોઈએ.

=> બંધ અથવા ખુલ્લા પ્રકારના પ્રશ્નોની પસંદગી કરવી જોઈએ.

-> જટીલ, ભાવનાત્મક અથવા સંવેદનશીલ પ્રકારના પ્રશ્નો ટાળવા.

-> પ્રશ્નોની ક્રમબદ્ધતા તર્કસંગત હોવી જોઈએ.

=> મુલાકાતનું પ્રદર્શન:

મુલાકાત લેવી એક કળા છે. પરંતુ સંશોધક માટે આ ખૂબ મુશ્કેલ કાર્ય છે કારણ કે તેને એક સાથે અનેક કામ કરવાની જરૂર પડે છે.

-> પ્રશ્નો પૂછવા
-> જવાબ ધ્યાનથી સાંભળવા
-> સ્પષ્ટતા કરવાનો પ્રયાસ
-> માર્ગદર્શન આપવું.
-> શંકા દૂર કરવી.

મુલાકાત દરમ્યાન મુલાકાતકર્તાની વૃત્તિ, દેખાવ, શબ્દપ્રયોગ, શારીરભાષા વગેરેનો મુલાકાતના પરિણામ પર અસર પડે છે. મુલાકાત લેનાર સમય પાળનાર, નમ્ર અને સૌજન્યવતો હોવો જોઈએ. મુલાકાત શરૂ પહેલા અભ્યાસનો હેતુ સમજાવવો જોઈએ અને મુલાકાત લેનારને ઓછું બોલવું અને વધુ સાંભળવું જોઈએ. યોગ્ય પ્રશ્નો પૂછવા જોઈએ જેથી મુલાકાત આપનાર સરળતા સાથે જવાબ આપી શકે.

ઝાલા દિગ્વિજયસિંહ બી.

=> મુલાકાત લેવાની માર્ગદર્શિકા :

-> મુલાકાતનું સ્થળ, સમય અને આયોજન અગાઉથી કરવું.
-> મિત્રતાપૂર્ણ વલણ રાખવું જેથી યોગ્ય ઓળખ બને.
-> પ્રશ્નો સરળ રાખવા અને જરૂરી પ્રશ્નો ઉમેરવા.
-> મુલાકાત આપનારને ખુલ્લી રીતે વાત કરવા પ્રોત્સાહન આપવું.
-> જવાબ આપતી વખતે આશ્ચર્ય અથવા અસ્વીકાર વ્યક્ત ન કરવો.
-> મુલાકાત પૂર્ણ થયા બાદ મુલાકાત આપનારનો આભાર વ્યક્ત કરવો.

=> મુલાકાતના લાભ :-

-> યોગ્ય પ્રત્યુત્તરો મેળવવા માટે મૈત્રી ભર્યું અને વિશ્વાસ યુક્ત વાતાવરણ સર્જી શકાય છે જેથી પાત્ર પાસેથી ખાનગી કે અંગત માહિતી મેળવી શકાય. જે કાગળ પર આલેખવાનું કોઈ પસંદ ન કરતું હોય.

-> કોઈ પણ માહિતી કે પ્રશ્ન અંગે પાત્રની શંકા કે અણગમતું લાગતું હોય તો સંશોધક રૂબરૂ જ ખુલાસો કરી શકે છે. કોઈ ગેરસમજણ થતી હોય તો દૂર કરી શકાય છે. આથી મળતા જવાબો પૂર્વગ્રહ યુક્ત હોતા નથી.

-> જવાબોની ગુણવત્તા ઊંચી હોય છે ઊંડાણવાળી માહિતી મેળવી શકાય છે

=> મુલાકાત પદ્ધતિની મર્યાદાઓ:

-> કેટલાક કારણોસર પાત્રો મુલાકાત આપવાની ના પાડે છે છે. પાત્રો ખૂબ જ કામમાં હોય ત્યારે મુલાકાત ટાળતાં હોય છે પોતાના હિતને નુકશાન થશે તેમ માનતા હોય કે આવા પ્રકારની મુલાકાત આપવી હિતાવહ

ખર્ચુ માનતા હોય તેવા પત્રો પાસેથી માહિતી મળી શકે નહીં.

-> ખૂબ જ સમય માંગી લે તેવી પ્રક્રિયા છે.

-> સંશોધકની હાજરીથી કેટલીક વાર પૂર્વગ્રહયુક્ત માહિતી મળે. પોતાના વિચારોને જાણે સંશોધકને શું ગમશે તે ધ્યાનમાં રાખી જવાબ આપે.

-> ખૂબ જ ખર્ચાળ પદ્ધતિ છે. ટપાલ દ્વારા મોકલાતી પ્રશ્નાવલીની સરખામણીમાં પણ મુલાકાત ખર્ચાળ છે કારણ કે માહિતી મેળવવા માટે, વિવિધ કાર્યકરો રોકવા પડે તેને તાલીમ આપવી પડે વગેરે ખર્ચાળ છે

## Q-2 પ્રશ્નાવલી પદ્ધતિ

=> પ્રસ્તાવના :-

પ્રશ્નાવલી વર્ણનિક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાઓનો અભ્યાસ કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે. જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે. મોટાભાગે પ્રશ્નોને એક પુસ્તિકાના રૂપમાં છપાવી દેવામાં આવે છે. જેને પ્રશ્નાવલી પુસ્તિકા કહેવામાં આવે છે.

ખાંટ વિક્રમસિંહ બી (9)

પ્રશ્નાવલી અને કસોટી બંન્ને વચ્ચે ભેદ છે કસોટીના પ્રશ્નોના ઉત્તર સાચા કે ખોટા હોઈ શકે છે જ્યારે પ્રશ્નાવલિના પ્રશ્નોના પ્રતિચારો સાચા કે ખોટા પડવાના હોતા નથી કારણ કે પ્રશ્નાવલિમાં પાત્રો પોતાના અભિપ્રાય અનુસાર ઉત્તરો આપવામાં હોય છે

⇒ પ્રશ્નાવલિની વ્યાખ્યા:

"સામાન્ય રીતે પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેને ઉત્તરદાતા સ્વયં ભરે છે."

— ગુડ તથા હાર્ટ (1981)

"મોટાભાગે એવા કોઈ પણ સાધન માટે 'પ્રશ્નાવલી' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે જેમાં એવા પ્રશ્નો કે વિગતો હોય છે જેનો ઉત્તર વ્યક્તિ પોતે આપે છે.

— એફ. એન. કરલિંગર (1978)

⇒ પ્રશ્નાવલી આપવાની રીતો:

માહિતી મેળવવા માટે પાત્રને પ્રશ્નાવલિ બે રીતે આપી શકાય છે. 1. રૂબરૂ અને 2. ટપાલ દ્વારા. આ બંને રીતોના ગુણદોષ છે.

પાત્રને રૂબરૂ પ્રશ્નાવલિ આપવાથી 1. પ્રતિભાવો પૂરા અને સાચા જવાબો મળી શકે છે, 2. સાચા જવાબો આપવાની પ્રેરણા આપી શકાય છે, 3. જવાબો આપતી વખતે પાત્રએ કંઈ પૂછવું હોય કે જાણવું હોય તો તે માટે તક છે. (1) રૂબરૂ પ્રશ્નાવલિ આપવાની રીતો ખર્ચાળ છે. (2) ઓછાં પાત્રો લઈ શકાય છે અને (3) દૂરના

બહારગામનાં પાત્રોને આવરવાનું મુશ્કેલ પડે છે.

પાત્રોએ ટપાલ દ્વારા પ્રશ્નાવલિ મોકલવાથી ① બહારગામનાં પાત્રોને આવરી શકાય છે અને ② ઘણાં પાત્રોને આવરી શકાય છે પરંતુ આ રીતની કેટલીક ખામીઓ પણ છે જેમકે ①. મોકલેલી પ્રત્યેક પ્રશ્નાવલિ ભરાઈને પાછી આવે. ③ માહિતી આપનારને કોઈ પ્રશ્નોના સંબંધમાં મૂંઝવણ હોય તો તેની અહીં કોઈ તક નથી.

⇒ પ્રશ્નાવલિનાં સ્વરૂપો :

પ્રશ્નાવલીના બે સ્વરૂપો હોય છે.

- નિશ્ચિત જવાબ પ્રશ્નાવલી :

આ પ્રકારની પ્રશ્નાવલીમાં 1. ચોક્કસ પ્રશ્નો અને ② તેના ઉત્તરો આપવા માટે શક્ય વિકલ્પો આપવામાં આવ્યા હોય છે. પાત્ર પોતાના મંતવ્ય અનુસાર કોઈ એક વિકલ્પને યોગ્ય નિશાની વડે પસંદ કરે છે. કે પસંદગી અનુસાર ક્રમ આપે છે. કેટલીકવાર એકાદ બે શબ્દમાં માહિતી પણ આપે છે.

આ પ્રકારની પ્રશ્નાવલીનો ઉપયોગ કરવાથી ઊંડાણવાળી માહિતી મળી શકે નહીં. માહિતીદાતાનું મન કળી શકાય નહીં. માહિતી ચોક્કસ અભિપ્રાય ન હોય તો પણ આપેલા વિકલ્પો પૈકી ગમે તે એક વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપે તેવું પણ બને આ પ્રકારની પ્રશ્નાવલિ રચવામાં સમય વધુ થાય છે.

ઝાલા વિશ્વરાજસિંહ વી. (11)

• મુક્ત જવાબી પ્રશ્નાવલિ:

અહીં પ્રશ્નો હોય છે પરંતુ ઉત્તર પસંદ કરવા માટે વિકલ્પો આપેલા હોતા નથી. અહીં પ્રશ્ન એ પ્રકારનો હોય છે કે જે માટે પાત્ર પોતાના શબ્દોમાં મુક્ત રીતે જવાબ આપે છે. પ્રત્યેક પ્રશ્ન બાદ ઉત્તર આપવા માટે જરૂરી હોય તેટલી ખાલી જગ્યા આપવામાં આવે છે.

આ પ્રકારની પ્રશ્નાવલી રચવામાં સહેલી છે. વળી જવાબો આપવામાં કોઈ બંધન હોતું નથી. તેથી માત્ર પોતાના અભિપ્રાયો છૂટથી આપી શકે છે. જેને કારણે છૂપાયેલી માહિતી મળી શકે છે. તેમજ પાત્રનાં મનોવલણો જાણી શકાય છે.

• ચિત્રાત્મક પ્રશ્નાવલિ:

આ પ્રકારની પ્રશ્નાવલિમાં પ્રશ્નો શાબ્દિક સ્વરૂપમાં હોવાને બદલે ચિત્રો કે આકૃતિઓ રૂપે હોય છે. પાત્ર તેમાંથી પસંદગી કરીને પ્રતિભાવ આપે છે. જરૂરી સૂચના એ મૌખિક અપાય છે. તાત્ત્વિક રીતે જોઈએ તો પ્રશ્નાવલિનું આ સ્વરૂપ નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિનો એક ભાગ ગણાય.

આ પ્રકારની પ્રશ્નાવલી દ્વારા નાના બાળકો કે અભણ વ્યક્તિઓ પાસેથી માહિતી મેળવી શકાય. શબ્દો કરતા ચિત્રો વધુ આકર્ષિત કરતાં હોવાથી જવાબ આપવાની વૃત્તિ ઉત્તેજાય છે. વળી પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ અને અર્થઘટનનું કાર્ય સરળ હોય છે.

⇒ પ્રશ્નાવલીના પ્રકારો:-

કર્લિંગરે (1978) માં પ્રશ્નાવલીના બે પ્રકારો દર્શાવ્યા છે.

1. નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી
2. વિસ્તૃત વિગતવાળી પ્રશ્નાવલી

ઝાલા વિશ્વરાજસિંહ વી (V)

1. નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી:-
આ પ્રકારની પ્રશ્નાવલીને બંધ પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલીની વિગતો કે પ્રશ્નોનું સ્વરૂપ એવું હોય છે કે જેનો ઉત્તર સીમાબદ્ધ અથવા નિયંત્રિત હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રત્યેક પ્રશ્ન કે વિગતના અમુક નિશ્ચિત ઉત્તરો આપવા દેવામાં આવે છે અને આ જ ઉત્તરોમાંથી પસંદ કરીને ઉત્તરદાતા પોતાની પ્રતિક્રિયા આપે છે. અહીં આપેલ વિકલ્પોમાંથી જ ઉત્તરદાતાએ જવાબ આપવાનો હોય છે.

→ ઉ.દા. ① તમે આ મનોવિજ્ઞાનમાં ગ્રેજ્યુએટ શા માટે થયા?
A. મનોવિજ્ઞાન એક રસપ્રદ વિષય છે.
B. અન્ય વિષયોની તુલનામાં તે સરળ છે.
C. સ્પર્ધાત્મક પરીક્ષામાં તેનું વિશેષ મહત્વ છે.
D. માતા-પિતા કે શિક્ષકની સલાહના લીધે.

આમ, બંધ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાએ આપવામાં આવેલ વિકલ્પમાંથી પોતાના ઉત્તર પસંદ કરવાનો હોય છે. આ વિકલ્પોમાંથી કોઈ એક ઉત્તર દરેક ઉત્તરદાતા માટે સાચો ન પણ હોઈ શકે અને એવું પણ ન બની શકે કે એક જ સરખો ઉત્તર દરેક ઉત્તરદાતા આપે.

→ પ્રશ્નાવલી પદ્ધતિના લાભ:- (સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી)

1. આ પ્રકારની પ્રશ્નાવલીનું ગુણાંકન ઘણું સહેલું હોય છે.

2. આ પ્રકારના ઉત્તરો આપવામાં ઓછો સમય લાગે છે. જો આવા પ્રશ્નો કે વિગતોવાળી પ્રશ્નાવલી લાંબી હોય તો પણ ઉત્તરદાતાને તેના જવાબો આપવામાં વર્ણનાત્મક ઉત્તરોની તુલનામાં ઓછો સમય લાગે છે.

Date ______
Page ______

ઝાલા વિશ્વરાજસિંહ બી. (6)

=> સીમિત પ્રશ્નાવલીની મર્યાદાઓ:

1.) નિશ્ચિત કે સીમિત પ્રતિક્રિયાવાળા પ્રશ્નોની એક મર્યાદા એ જણાવવામાં આવી છે કે સંશોધનકર્તા ઉત્તરદાતા સમક્ષ બધા તર્કપૂર્ણ અને સંગત વિકલ્પો નથી મૂકી શકતો. તેનું મુખ્ય કારણ એ છે કે સંશોધનકર્તાએ પ્રત્યેક પ્રતિક્રિયા વિકલ્પો સામાન્ય રીતે એક સીમિત સંખ્યામાં જેમ કે બે, ત્રણ કે ચાર સંખ્યામાં આપવાના હોય છે. અને આ વિકલ્પોમાં તો બધા પ્રકારના સંગત વિકલ્પો દર્શાવી શકતી નથી.

2. વિસ્તૃત વિગતોવાળી પ્રશ્નાવલી:

આ પ્રકારની પ્રશ્નાવલીને ખુલ્લી પ્રશ્નાવલી પણ કહે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોનો જવાબ પોતાના શબ્દોમાં આપે છે. અહીં સંશોધનકર્તા દ્વારા પ્રશ્નોના જવાબ માટે કોઈ પ્રતિક્રિયા વિકલ્પ આપવામાં આવતા નથી. ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોને વાંચીને, તેને સમજીને તેનો ઉત્તર પોતાના શબ્દોમાં પ્રશ્નોની નીચે આપવામાં આવેલ ખાલી જગ્યામાં લખે છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર તો એક પંક્તિમાં કે એકથી વધુ પંક્તિઓમાં આવી શકે.

-> ઉ.દા. (1) તમે મનોવિજ્ઞાનમાં પ્રોફેસર શા માટે થયા?
=> ______

-> (2) આધુનિક શિક્ષણ પદ્ધતિમાં કઈ-કઈ મર્યાદાઓ છે?
=> ______

ઝાલા દિવ્યરાજસિંહ વી (V)

Date
Page

⇒ વિસ્તૃત પ્રશ્નાવલીના લાભ :-

આ પ્રકારની પ્રશ્નાવલીએ પરિસ્થિતિમાં ઘણી લાભદાયક સાબિત થાય છે. જ્યાં સંશોધનકર્તાને નિરીક્ષક કે અધ્યયનમાં સામેલ કરવામાં આવેલ વ્યક્તિઓ વિશે જે પૂર્વમાહિતી મળી છે, તે યથાવત છે. ઉત્તરદાતા એ આવા પ્રશ્નોના ઉત્તર વિગતવાર કે વિસ્તૃત રીતે આપવાના હોય છે એટલા માટે તે પોતાના ઉત્તર માધ્યમથી પોતાના મનોવલણો, મત, જ્ઞાન વગેરેની પૂર્ણ અભિવ્યક્તિ કરી છે. આથી માત્ર તેના ઉત્તરોના આધારે જ સંશોધનકર્તા ઉત્તરદાતા વિશે મહત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી લે છે.

⇒ વિસ્તૃત પ્રશ્નાવલીની મર્યાદાઓ :-

આ પ્રકારની પ્રશ્નાવલીનો પ્રયોગ એ પરિસ્થિતિમાં નથી કરી શકતી, જ્યારે નિદર્શ કે અભ્યાસમાં સામેલ કરવામાં આવેલ વ્યક્તિઓમાં શાબ્દિક રીતે કે મૌખિક રીતે પોતાની અભિવ્યક્તિ કરવાની ક્ષમતા નથી હોતી

☆ પ્રશ્નાવલીના લાભ :-

1. નિષ્પક્ષ અભ્યાસ :- પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે પ્રશ્નાવલીને સંશોધનકર્તા નથી ભરતો પરંતુ ઉત્તરદાતા ભરે છે. ઉત્તરદાતા સમજી-વિચારીને પ્રશ્નોના ઉત્તર આપે છે. આથી સંશોધનકર્તાની અનુપસ્થિતિના કારણે તેના મનોવલણો, પક્ષપાત અને પૂર્વગ્રહની અસર અભ્યાસના પરિણામો પર પડતી નથી.

2. ન્યૂનતમ શ્રમ :- પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે સહાયક સંશોધનકર્તાની આવશ્યકતા ઓછામાં ઓછી રહે છે આથી આ પદ્ધતિમાં શ્રમ ઓછામાં ઓછો કરવો પડે છે.

ઝાલા પ્રિયરાજસિંહ વી.

★ પ્રશ્નાવલીના ગેરલાભ :-

1. અધૂરી માહિતીઓ :- પ્રશ્નાવલીને જ્યારે ઉત્તરદાતા પરત આપે છે તો પરત કરવામાં આવેલ પ્રશ્નાવલીમાં અમુક વ્યક્તિઓએ ઘણા પ્રશ્નો ઉત્તર આપ્યા વગર છોડી દીધા હોય છે જેથી પ્રશ્નાવલી દ્વારા મળતી માહિતી અધુરી હોય છે.

2. ગહન અભ્યાસમાં મુશ્કેલી :- પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે ગહન અભ્યાસ કરવામાં મુશ્કેલી પડે છે. કારણ કે આ અભ્યાસ પદ્ધતિમાં સંશોધનકર્તા ઉત્તરદાતાની સામે ઉપસ્થિત નથી હોઈ શકતો આથી તે ઉત્તરદાતાને પૂછી-પૂછીને ગહન અભ્યાસ નથી કરી શકતો

★ ઉપસંહાર :-

મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં માનવ વર્તન અને માનસિક પ્રક્રિયાઓના અભ્યાસ માટે મુલાકાત અને પ્રશ્નાવલી બંને પદ્ધતિઓ પોતાની સાર્થકતા, મર્યાદા અને ઉપયોગિતા ધરાવે છે. મનોવિજ્ઞાનને એક વિજ્ઞાન તરીકે ઉપસ્થિત સ્થાપિત કરવામાં અને માનવીય પાસાઓને વૈજ્ઞાનિક રીતે સમજવામાં આ બંને પદ્ધતિઓનો ફાળો અમુલ્ય છે.